ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## હવે વારસાગત એન્ટ્રી ઓનલાઇન કરાશે

ગાંધીનગર, તા.૧૭

રાજ્ય સરકારે વિવિધ મહેસૂલી સેવાઓ ઓનલાઇન કર્યા બાદ હવે વારસાઇ નોંધ પણ ઓનલાઇન કરી શકાય તેવી સુવિધા શરૂ કરી દીધી છે જેના કારણે હવે નાગરિકોએ કચેરીનો ધક્કો ખાવો નહીં પડે. ઘેર બેઠાં ઓનલાઇન અરજી અને તેને લગતી તમામ પ્રક્રિયા પૂરી કરીને વારસાઇ નોંધ કરાવી શકાશે. જેથી અરજદારોને બહુ મોટી રાહત થઇ છે. ખાસ કરીને મામલતદાર કચેરીના ધક્કા નહી ખાવા પડે. વારસાઇ એન્ટ્રી પણ હવે ઓનલાઇન જ શકય બનશે. તંત્ર દ્વારા વારસાઇની કાચી નોંધ બાબતે એસએમએસ મોકલવામાં આવશે. ત્યારબાદ અરજદારે જરૂરી તમામ પુરાવાઓ ૧૫ દિવસમાં રજૂ કરવાના રહેશે. વારસાઇ નોંધ સુવિધા માટે આઇઓઆરએ. ગુજરાત.ગવ.ઇન પર અરજી સબમીટ કરવાની રહેશે. માત્ર પોર્ટલ પરથી ડાઉનલોડ કરેલી અરજી જ માન્ય ગણાશે. ઓનલાઇન અરજીની પ્રક્રિયા પૂરી થયેથી અરજી જે તે તાલુકા કે શહેરમાં ઇ-ધરા કેન્દ્રમાં આગળની પ્રક્રિયા માટે સબમીટ થશે.



## શહેરમાં વિદેશી યાયાવર પક્ષીઓનું આગમન

શિયાળાના આગમને પગલે શહેરમાં વિદેશી યાયાવર પક્ષીઓનું પણ આગમન થવા પામ્યું છે. ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના જળપ્લાવિત વિસ્તારો જેવા કે ઉવારસદ ગામનુ તળાવ, લવારપુર, સંત સરોવર વગેરે વિસ્તારોમાં વિવિધ વિદેશી પક્ષીઓના ઝુંડ જોવા મળી રહ્યાં છે. ગુજરાતમાં નળસરોવરથી માંડીને પોરબંદર સુધીના અનેક સ્થળોએ દર વર્ષે શિયાળાની ઋતુના પ્રારંભે દૂર દૂરના દેશોમાંથી યાયાવર વિદેશી પક્ષીઓ તેમના ઝુંડમાં આવે છે જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. આ સાથે પક્ષીવિદો અને પર્યાવરણપ્રેમીઓ તથા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર્સ માટે પણ આકર્ષણરૂપ પસંદગીની ઘટના ગણાય છે. ગાંધીનગરના સંત સરોવર ઉપરાંત આસપાસના લવારપુર, ઉવારસદ જેવા ગામના તળાવો પાસે પણ આ પ્રકારના વિદેશી પક્ષીઓ જોવા મળી રહ્યાં છે. શહેરમાં સેક્ટર-૫, ઈન્દ્રોડા પાર્ક નજીક તથા અન્ય કેટલિક જગ્યાએ વિવિધ વિદેશી પક્ષીઓ જોવા મળી રહ્યા છે. જે ઝુંડમાં ઝાડની ડાળીઓ પર બેઠેલા અથવા શહેરના આકાશમાં વિહરતા જોવા મળી રહ્યાં છે. શહેરના વન્યજીવ પ્રેમી અમિત ગોંડના જણાવ્યા મુજબ મોટે ભાગે ગાંધીનગરમાં ફુન્ડિલ ઉર્ફે ચમચો, નકટા, કુંજ, ચાતક સહિતના અનેક પક્ષીઓ દર વર્ષે આવતા હોય છે અને લાંબા સમય સુધી રોકાણ પણ કરે છે.

## ધો-૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે આગામી બોર્ડ પરીક્ષા માટે ફીનો દર જાહેર કરાયો

### દિવ્યાંગ ઉમેદવારો તેમજ વિદ્યાર્થીનિઓને ફી મુક્તિનો લાભ અપાશે

ગાંધીનગર તા ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦ માં લેવાનારી ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષાને અનુલક્ષીને વિષય મુજબ ફી નો દર નિયત કરાયો છે. જયારે દિવ્યાંગ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને ફી મુક્તિનો લાભ આપવામાં આવ્યો છે.

ધો -૧૦ માં નિયમિત વિદ્યાર્થી માટે ૩૫૫, નિયમિત રીપીટર એક વિષયના ઉમેદવરોએ ૧૩૦ બે વિષય ૧૮૫, ત્રણ વિષય ૨૪૦, અને ત્રણ વિષયથી વધુ ૩૪૫ રૂપિયા ફી ચુકવવાની રહેશે જયારે પૃથ્થક ઉમેદવાર એક વિષય ૧૩૦ , બે વિષય ૧૮૫ ત્રણ વિષય ૨૪૦, જયારે નિયમિત ખાનગી ઉમેદવાર માટે ૭૩૦ જયારે ખાનગી રીપીટર વિદ્યાર્થીને એક વિષય માટે ૧૩૦ બે વિષય માટે ૧૮૫ , ત્રણ વિષય માટે ૨૪૦ અને ત્રણ કરતા વધુ વિષય માટે ૩૪૫ રૂપિયા ફી ચુકવવાની રહેશે. ઉપરોક્ત તમામ વિષય માટે દિવ્યાંગ તેમજ વિદ્યાર્થીનીઓને ફી મુકિતનો લાભ મળશે. જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહ ના ઉમેદવારો માટે જાહેર કરાયેલી ફી મુજબ નિયમિત વિદ્યાર્થી માટે રૂ ૪૯૦ , નિયમિત રીપીટર એક વિષય માટે ૧૪૦, બે વિષય ૨૨૦, ત્રણ વિષય ૨૮૫, જયારે ત્રણ વિષય કરતા વધુ ૪૯૦ ફી ચુકવવાની રહેશે. પૃથ્થક ઉમેદવાર એક વિષય ૧૪૦, બે વિષય ૨૨૦ ત્રણ વિષય ૨૮૫, નિયમિત ખાનગી ઉમેદવાર ૮૭૦,ખાનગી રીપીટર એક વિષયની પરીક્ષા માટે ૧૪૦ બે વિષય ૨૨૦ ત્રણ વિષય ૨૮૫ જયારે ત્રણ કરતા વધુ વિષય ૪૯૦ ફી ચુકવવાની રહેશે. જયારે દિવ્યાંગ તેમજ વિદ્યાર્થીઓને ફી માફી આપવામાં આવી છે. આ ઉપરાંત પ્રાયોગિક વિષયની વિષય દિઠ ફી રૂ ૧૦ રહેશે. ધો -૧૦ અને ૧૨ માં કોઈપણ પ્રકારની લેટ ફી નો સમાવેશ થતો ન હોવાનુ પણ શિક્ષણ બોર્ડના સચિવે જણાવ્યુ છે.

## જિલ્લામાં ૧૨,૬૫૭ મે. ટન મગફળીનું ઉત્પાદન થવાના પ્રાથમિક અંદાજો

### ટેકાના ભાવે ઉત્પાદન વેચાણ આપવા ૩૩૯૧ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં ૧૨ હજાર ૬૫૭ મે. ટન મગફળીના પાકનું ઉત્પાદન થવાની પ્રાથમિક ધારણા છે. જિલ્લામાં આ વખતે ૬૧૬૨ હેકટર વિસ્તારમાં મગફળીના પાકનું વાવેતર થયુ હતુ.

રાજયમાં સરેરાશ ૨૦૫૭ કિ.ગ્રા. ઉત્પાદન હેકટર દીઠ થવાના અંદાજોને આધારે આટલુ વિક્રમી ઉત્પાદન જિલ્લામાં થશે તેવુ મનાઈ રહ્યુ છે.

દરમ્યાન ૧લી નવેમ્બરથી રાજયભરમાં મગફળીના ઉત્પાદનની ટેકાના ભાવે રાજય સરકાર ખરીદી કરવાની છે. જિલ્લામાં હાલ ગાંધીનગર, માણસા અને દહેગામ ખાતે ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૩૯૧ ખેડૂતોએ તેમના ઉત્પાદનનો ટેકાના ભાવે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જેમાં કલોલના ૧૨૧, ગાંધીનગરના ૧૧૨૪, દહેગામના ૧૮૨૯ અને



માણસાના ૩૧૭ ખેડૂતોનો સમાવેશ થાય છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૩૦મી ઓકટો. સુધી આ રજીસ્ટ્રેશનની કાર્યવાહી ચાલશે. આ પછી ૧લી નવેમ્બરથી ખરીદ કેન્દ્રો પર ખરીદી શરૂ થશે. આ માટે નાગરિક પુરવઠા નિગમ અને કૃષિ વિભાગ દ્વારા સંકલનમાં રહી અને આયોજન તૈયાર કરવામાં આવી રહ્યુ છે. જેથી કોઈ જગ્યાએ તકલીફો ઉભી થાય નહિ.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે મગફળીના વાવેતર વિસ્તારમાં પણ વધારો થયો છે અને પાછોતરા સારા વરસાદને પગલે પાકનું મબલક ઉત્પાદન થવાની આશા છે. રાજ્ય સરકારે પણ મગફળીનો ટેકાનો ભાવ ૧૦૧૮ નિયત કરેલ છે.

જો કે માર્કેટયાર્ડોમાં મગફળીની આવક શરૂ થઈ ગઈ છે. સરકાર દિપાવલી પર્વ પછી તુરત જ ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે.

## ઘ-૦ અને સરગાસણ ચોકડી પાસે ઓવરબ્રિજનુ ફાઉન્ડેશન તૈયાર

### આગામી નવેમ્બર -૨૦ સુધીમાં નવા રૂટમાં વાહનોની અવરજવર શરૂ થઇ જશે : પ્રોજેકટની કામગીરીમાં ૪ હજાર માણસો કામે લાગ્યા છે

ગાંધીનગર તા ૧૭

ચિલોડા સરખેજ હાઈવેને અપગ્રેડ કરવા માટે રૂટમાં આવતા ઓવરબ્રિજનુ કામ પણ હાથ ધરાયુ છે. આ તોતિંગ અને ખર્ચાળ પ્રોજેકટ અન્વયે નગરના પ્રવેશદ્વાર ઘ-૦ થી ચ-૦ વચ્ચેના રૂટમાં સ્થિત ૩૦૦ જેટલા હરિયાળા વૃક્ષોના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. જયારે માર્ગ નિર્માણની કામગીરી અન્વયે વૃક્ષોની કટોતી પણ શરૂ કરી દેવામાં આવી છે. જેથી પર્યાવરણ પ્રેમીઓમાં ઉગ્ર આક્રોશ પ્રવર્તયો છે. હાલ આ કામગીરીને અનુલક્ષીને ઘ-૦ અને સરગાસણ વિસ્તારમાં ઓવરબ્રિજ માટે ફાઉન્ડેશન તૈયાર કરી દેવાયા છે. હાલ આ પ્રોજેકટના કામમાં ગતિ લાવવા માટે ૪ હજારનો મેનપાવર કામે લાગ્યો છે. આગામી નવેમ્બર ૨૦૨૦ સુધીમાં આ રૂટ વાહનોની અવરજવરથી ધમધમતો થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ચિલોડા સરખેજ હાઈવેને અપગ્રેડ કરવા માટે પુરજોશમાં કામ ચાલી રહ્યુ છે. જયારે આ પ્રોજેકટને અનુલક્ષીને ચિલોડા સરખેજ હાઈવે પર આવતા વિવિધ સાત જેટલા જંકશન પર ઓવરબ્રિજનુ નિર્માણ કરવાનુ પણ આયોજન કરાયુ છે. હાલ ઘ-૦ તેમજ સરગાસણ ચોકડી પાસે ઓવરબ્રિજના નિર્માણ માટે કામગીરી હાથ ધરાઈ છે. જયારે આ કામગીરીને અનુલક્ષીને ઘ-૦ થી ચ-૦ ના રૂટમાં સ્થિત ૭૦૦ જેટલા વૃક્ષા સામે ખતરો મંડરાયો છે. જો કે પર્યાવરણ પ્રેમીઓના વિરોધના અંતે નેશનલ હાઈવે ઓથોરિટીએ પણ આ વિસ્તારમાં શકય એટલા ઓછા વૃક્ષોની કટોતી કરવી પડે તે મુજબ આયોજન કરાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ અંદાજિત ૩૦૦ જેટલા વૃક્ષો કાપવા પડશે . ખર્ચાળ પ્રોજેકટની કામગીરીના અંતે આ રૂટમાં વાહનવ્યવહાર વધુ સરળ બનશે ટ્રાફિકની અવરજવર સલામત બનશે રૂટમાં આવતા વિવિધ સાત જેટલા જંકશન પર ટ્રાફિકની અવરજવરને બાય પાસ કરવા માટે ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવશે જયારે શહેરના પ્રવેશદ્વાર સમા ઘ-૦ તેમજ સરગાસણ ચોકડી પાસે પણ ઓવર બ્રિજનુ નિર્માણ કરાશે. હાલ આ કામગીરીને અનુલક્ષીને ફાઉન્ડેશન તૈયાર કરી દેવાયુ છે. જયારે આગામી બે મહીનામાં ઓવરબ્રિજના પીલ્લર પણ ઉભા કરી દેવાશે. ચિલોડા સરખેજ હાઈવેના પ્રોજેકટની કામગીરી ચાર પેકેજ મુજબ ડિવાઈડ કરવામાં આવી છે. જયારે આ મુજબ ૧૦ થી ૩૫ ટકા કામ થઈ ગયુ છે. આ પ્રોજેકટ અંતર્ગત હાલ ૪ હજાર મજુરો કામે લાગ્યા છે. આગામી નવેમ્બર મહીનામાં રૂટના બ્રિજ સાથે માર્ગ પર વાહનો દોડતા થઈ જશે અલબત્ત પ્રોજેકટનુ કામ પુર્ણ થઈ જશે.

## સે-૨૬ કીસાનનગરમાં ફુટપાથના ગાબડા હજુ પણ પુરાયા નથી

### સ્ટોર્મ વોટર લાઇનની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા આખી ફુટપાથ જમીનમાં ગરકાવ થઇ

ગાંધીનગર તા ૧૭

સે-૨૬ કિસાનનગર વિસ્તારમાં માટી પોલાણના લીધે જમીનમાં સરકી ગયેલી ફુટપાથ હજુ પણ વેર વિખેર હાલતમાં છે. ચોમાસામાં ભારે વરસાદના દિવસો દરમિયાન આ ફુટપાથ જમીનમાં બેસી જતા મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. જયારે સ્ટોર્મ વોટર લાઈનના લીધે માટી પોલાણ થવાથી એક જ દિવસમાં ફુટપાથનુ અસ્તિત્વ ગાયબ થઈ ગયુ હતુ. આ મામલે સ્થાનિક અગ્રણીઓ દ્વારા અનેક રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી જયારે બીજીતરફ આ સ્થિતિ માટે જવાબદાર કોર્પોરેશનનને પણ તંત્ર દ્વારા પત્ર લખી ફુટપાથનુ કામ હાથ ધરવા જણાંવાયુ છે. પરંતુ હાલમાં પણ વોક વે તુટેલી હાલતમાં છે.

ગાંધીનગરમાં ભારે વરસાદના દિવસોમાં સેકટરોના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોને પણ નુકશાન થયુ છે. પરંતુ હજુ સુધી તુટેલી ફુટપાથનુ ઠેકાણુ પડયુ નથી. રસ્તાઓના પેચવર્કનુ કામ હાથ ધરાયુ છે. પરંતુ ફુટપાથ હજુ પણ વેરવિખેર હાલતમાં જોવા મળે છે. સે-૨૬ કિસાનનગર સોસાયટીમાં ચોમાસાના ભારે વરસાદના દિવસો દરમિયાન ફુટપાથ જમીનમાં ગરકાવ થઈ ગઈ હતી. પાટનગર યોજના વિભાગ દ્વારા નવ નિર્મિત ફુટપાથનુ કામ હજુ પુર્ણ પણ થયુ ન હતુ. અને વરસાદી ઝાપટા સાથે આખો વોક વે જમીનમાં બેસી જતા ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ હતુ. ફુટપાથની આ હાલત છેલ્લા બે મહીનાથી છે. કોર્પોરેશન દ્વારા સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ ત્યારબાદ યોગ્ય

**લાખોના ખર્ચ પર પાણીઢોળ સ્થાનિક રહીશો માટે હાલાકી : બે મહીનાના અંતે પણ આખી ફુટપાથ જમીનમાં ખુપેલી હાલતમાં**

માટી પુરાણ ન થતા આ વિસ્તારમાં નિર્માણ થયેલી ફુટપાથ પણ આખી જમીનમાં બેસી ગઈ છે. આ ફુટપાથને યોગ્ય કરવા માટે સ્થાનિકો દ્વારા પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે. બીજીતરફ તંત્ર દ્વારા કોર્પોરેશનને વોકવેનુ કામ હાથ ધરવા માટે પણ પત્ર લખાયો છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથના ખર્ચ પર પાણી ફરી વળ્યુ છે. સે-૨૬ ના રીંગ રોડ પર ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. આ જોખમી સ્થિતિને નિવારવા માટે ત્વરિત કામ હાથ ધરાય તેવી પણ કીસાનનગર સોસાયટીના રહીશોએ પ્રબળ માંગ કરી છે.




ભારતમાં સોલારએનર્જીની ડિમાન્ડને ધ્યાને લઈ મહાત્મા મંદિર ખાતે કોન્ફરન્સનુ આયોજન કરાયુ હતુ સોલાર એનર્જીને અનુલક્ષી યોજાયેલી આ કોન્ફરન્સમાં વિષય સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ તબક્કે કલાઈમેટ ચેન્જના પ્રિન્સિપલ સેક્રેટરી એસ. જે. હેદરે ઉપસ્થિત ગણને સંબોધિત કરી વિશેષ માહીતી અને માર્ગદર્શન પુરુ પાડયુ હતુ.

## દિવાળીથી ૨૦ દિવસ સુભાષબ્રિજ વાહન ચાલકો માટે બંધ રહેશે

અમદાવાદ,તા.૧૭

અમદાવાદમાં સાબરમતી નદી પર બનેલા ૫૬ વર્ષ જુના સુભાષબ્રિજ પુલને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર છે. અમદાવાદમાં સુભાષબ્રિજ પુલ ૨૦ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

અમદાવાદ મ્યૂનિસિપલ કોર્પોરેશન દ્વારા દિવાળીથી ૨૦ દિવસ માટે સુભાષબ્રિજ પુલ વાહન ચાલકો માટે બંધ રહેશે. વાહનચાલકોને દિવાળીના દિવસથી આ મુશ્કેલીઓ પડવાની છે, તેના માટે વાહન ચાલકો માટે રૂટનું ડાયવર્ઝન કરવામાં આવશે તેવું એએમસી દ્વારા કહેવામાં આવ્યું છે.

સાબરમતી નદી પર બનેલા ૫૬ વર્ષ જુના સુભાષબ્રિજ પુલનાં સમારકામની કામગીરી હાથ ધરવામાં આવશે. જેના પગલે હવે દિવાળીના

● અનુસંધાન પાન-૭ પર

## આવકના પ્રમાણપત્ર અંગે આરોગ્ય સમાજ કલ્યાણની આડોડાઈને પગલે માર્ગદર્શક સૂચનાઓ

ગાંધીનગર, તા. ૧૭

ગ્રામ્યકક્ષાએ કોમ્પ્યુટર સાહસિક દ્વારા એ.ટી.વી.ટી. સેવાઓ પુરી પાડવામાં સરકારે આવકના દાખલા અંગે રાજ્યના પંચાયત વિભાગે ૩ મહિનામાં જ પોતાના પરિપત્ર અને નિર્ણય અંગે પુનઃ સૂચનાઓ બહાર પાડી છે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આ પરિપત્ર અંગે ગઈકાલે જ એક નવો પરિપત્ર જારી કર્યો છે જેમાં માર્ગદર્શક સૂચનાઓ એવુ કહેવામાં આવ્યુ છે અને રૂ. પાંચ લાખ સુધીની આવકનું પ્રમાણપત્ર તલાટી આપી શકશે તેવી સ્પષ્ટ વાત કરવામાં આવી છે.

સચિવાલયના નિકટવર્તી વર્તુળોમાં ત્રણ મહિનામાં જ આવો નવેસરથી પરિપત્ર કરવાના નિર્ણયને લઈ ચર્ચાનો મુદ્દો બન્યો છે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ સરકારનો કોઈ વિભાગ નિર્ણય કરે અને તેનો અમલ તમામ કચેરીઓએ કરવાનો હોય છે. આ નિર્ણયની જાણકારી માટે જ પરિપત્રો જારી કરવાની પ્રથા છે.

આ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આરોગ્ય વિભાગ દ્વારા અમલમાં મુકાયેલ આયુષ્યમાન ભારત યોજના અને સમાજકલ્યાણ વિભાગની કેટલીક યોજનાઓમાં ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક દ્વારા અપાયેલ આવકના પ્રમાણપત્રને માન્ય રાખવામાં આવતુ ન હતુ.

સરકારે આ પ્રમાણપત્રની માન્યતા એક વર્ષની રહેશે તેવુ હવે ૧૬-૧૦-૧૯ના પરિપત્રમાં જણાવ્યુ છે.

સરકાર પાસે ગ્રામ્ય વિસ્તારમાંથી આ બાબતને લઈ વ્યાપક ફરિયાદો મળી હતી અને તે મુદ્દે કેબિનેટની ઈનહાઉસ ચર્ચામાં પણ પડઘા પણ પડ્યા હતા. આ પછી તંત્રએ ત્રણ માસના અંતે નવો પરિપત્ર માર્ગદર્શક સૂચનાઓને નામે જારી કર્યો છે.

એક એવી પણ વાત ચર્ચામાં આવી છે કે આરોગ્ય વિભાગ અને સમાજકલ્યાણ વિભાગને આ પરિપત્રની નકલ માર્ક નહિ કરાઈ હોય તેથી અમલવારીમાં ઠાગાઠૈયા થયા હશે. જે હોય તે પણ હવે આરોગ્ય અને સમાજકલ્યાણ વિભાગ આ પ્રમાણપત્રને માન્ય રાખશે કે કેમ ? તેને લઈ ગ્રામ્ય વિસ્તારમાં હજુ પણ અસમંજસતા પ્રવર્તતી જોવા મળી રહી છે.

ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક તલાટી દ્વારા ચકાસણી કરાયા પછી જ આવુ પ્રમાણપત્ર આપતો હોય છે. ઈ. કેન્દ્રોને આર્થિક રીતે મજબુતાઈ આપવા અને લોકોને જિલ્લા કે તાલુકા કચેરીએ ધક્કા ન ખાવા પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો તેમ પણ સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com